

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહરે નાહાર્દ સમા ભરચક વિસ્તારમાં આવેલ માર્કેટયાર્ડને હાલની જગ્યાએથી નવી જગ્યાએ લઈ જવાના માર્કેટયાર્ડના સત્તાધિશોના તઘલખી નિર્ણયને લઈને છેલ્લા કેટલાક દિવસોથી વેપારીઓ અને સત્તાધિશોએ એક બીજા સામે બાયો ચઢાવી દિધી છે અને જો આ મુદે કોઈ નિર્ણય નહિ કરવામાં આવે તો વહેપારીઓ દ્વારા તા. ૧૦થી અચોક્કસ મુદતની હડતાલ નુ એલાન પણ કરવામાં આવ્યુ છે ત્યારે આ મુદે આજે માર્કેટયાર્ડ ના વહેપારીઓ દ્વારા જીલ્લા સમાહર્તા બી. જે. ભટ્ટને આવેદનપત્ર આપ્યુ હતુ અને જીલ્લા કલેકટરને આ અંગે સઘળી રજુઆત કરી આ બાબતથી વાકેફ કર્યા હતા કે માર્કેટયાર્ડ અન્ય જગ્યાએ લઈ જવાથી હાલના માર્કેટયાર્ડમાં વેપાર કરતા નાના વેપારીઓ રોડ ઉપર આવી જશે તેવી પરીસ્થીતીનુ નિર્માણ થવા પામશે ત્યારે જિલ્લા કલેટરશ્રી બી.જે.ભટ્ટે વહેપારી મિત્રો ની રજુઆત સાંભળી આ અંગે યોગ્ય કરવાની ખાત્રી આપી હતી.

# સાણંદમાં પાર્ક સ્થાપવા માટે હોન્ડાની યોજના તૈયાર કરાઈ

**૪૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના : અન્ય ઘણી ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ કંપનીઓ આગળ આવે તેવી સંભાવના : ટૂંકમાં સમજૂતિ પર હસ્તાક્ષર થશે**

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં અનેક મોટી કંપનીઓ જંગી રોકાણ કરવા માટે કમરકસી ચુકી છે ત્યારે હવે ગુજરાતના સાણંદ ખાતે હોન્ડા પણ પાર્કની યોજના ધરાવે છે. સાણંદમાં તાતા મોટર્સ અને ફોર્ડ દ્વારા પહેલાથી જ યુનિટ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે.

ગુજરાતના ઓટો સેક્ટરમાં હવે જોરદાર તેજી જામે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાલોલમાં જનરલ મોટર્સ અને ટ્રક બનાવનાર કંપની એશિયા મોટર્સ દ્વારા કચ્છમાં કામ શરૂ કરવામાં આવ્યા બાદ સ્થિતિ વધુ સુધરે તેવી શક્યતા છે. મહાકાય કંપની હોન્ડા મોટર્સ દ્વારા પણ જંગી રોકાણ કરવાની તૈયારી છે. હોન્ડા દ્વારા સાણંદમાં ૪૫૦૦ કરોડના કાર પ્લાન્ટની યોજના છે. જાપાનની કાર બનાવતી કંપની હોન્ડા મોટર્સ પણ આક્રમક મૂડમાં છે. તાતા મોટર્સ અને ફોર્ડ દ્વારા સાણંદમાં પહેલાથી જ યુનિટ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. ભારતમાં સાણંદ હવે મૂડીરોકાણના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી રહ્યા છે. સુઝુકી મોટર્સ પણ અમદાવાદ નજીક હાંસલપુરમાં મહાકાય યુનિટ સ્થાપવામાં વ્યસ્ત છે. હોન્ડા અને ગુજરાત સરકાર વચ્ચે વાયબ્રન્ટ ગુજરાત દરમિયાન આ પ્રોજેક્ટ માટે હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ટુ વ્હીલર્સના ક્ષેત્રમાં હોન્ડા મોટર્સે ગુજરાતમાં નવી કાર મેન્યુફેક્ચરિંગ સુવિધા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ કંપનીએ સાણંદ નજીક જંગી ખાનગી જમીન ખરીદી લીધી છે. એસએસએ ઉપર ટૂંકમાં જ સમજૂતિ કરવામાં આવે તેવી શક્યતા છે. નવી ઔદ્યોગિક પોલિસીની જાહેરાત ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવનાર છે ત્યારે આ સમજૂતિ ઉપર હસ્તાક્ષરની વકી છે. આ ઘટનાક્રમ એવા સમયે છે જ્યારે મહારાષ્ટ્ર સરકાર દ્વારા જંગી મૂડીરોકાણ માટે કાર બનાવતી કંપનીઓને આકર્ષિત કરવાના પ્રયાસમાં છે. આક્રમક માર્કેટિંગ પણ કરવામાં આવી રહ્યું છે પરંતુ ગુજરાત મૂડીરોકાણ માટે સૌથી આદર્શ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. હજુ વધુ કંપનીઓ આગળ આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.



મસ્તીની છલાંગ - ઉપરવાસમાં સારો વરસાદ થતાં અમદાવાદ ખાતે સાબરમતીમાં પાણી વહેતું થયું છે... સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે સાબરમતીમાં પાણી બંને કાંઠે વહેતા અમદાવાદીઓમાં ઉત્સાહ આવી ગયો છે... તરવૈયાઓ પુલ પરથી મસ્તીની છલાંગ લગાવીને નદીમાં ન્હાવાની મજા માણી રહ્યા છે...

# જર્જરીત ઓડ-ઉમરેઠ બ્રિજને પ્રજાએ બંધ કર્યો : કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવા માંગ

ઉમરેઠ, તા. ૬

માત્ર ૩ વર્ષમાં જેનું નિર્માણ કાર્ય પુરૂ કરવાની શરત હતી તેમ છતાં દસ વર્ષ જેટલો સમય ખર્ચાયો તેમજ કરોડો રૂ.ના આંધણ બાદ માત્ર બે વર્ષમાં જેની હાલત જર્જરીત બની ગઈ તેવા ઓડ-ઉમરેઠ બ્રિજને આજે આખરે હમીદપુરા ગામના સરપંચ તથા આગેવાનોએ બંધ કરી દેતા તેના પડઘા વડોદરા ડી.આર.એમ. ઓફિસ તેમજ કલેક્ટર કચેરી સુધી પડતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

મળતી જાણકારી મુજબ ઓડ-ઉમરેઠ રેલવે ટ્રેક ઉપર કેન્દ્ર તથા રાજ્ય સરકારના સહિયારા પ્રયાસથી રેલવે બ્રિજ બનાવવામાં આવ્યો હતો. કહેવાય છે કે કરોડો રૂ.ના ખર્ચથી અને વર્ડ બેંકની સહાય લઈ બનેલા આ પુલને દસ વર્ષ જેટલો લાંબો સમય લાગ્યો હતો. આ પુલ ઉપરથી વડોદરા, મુંબઈ તેમજ દિલ્હી જેવા મહાનગરો તેમજ ગોધરા, દાહોદ તેમજ રાજસ્થાન જતાં ભારે માલવાહક ટ્રકો તેમજ અન્ય વાહન ચાલકો ઉપયોગ કરી રહ્યા છે. આ પુલ જાહેર જનતા માટે ખુલ્લો મુકાયાના માત્ર બે વર્ષના ટુંકા ગાળામાં તુટી જતાં પુલના નિર્માણ કાર્યમાં હલકી ગુણવત્તાનો માલ વપરાયો હોવાની ફરીયાદો ઉઠવા પામી છે તેમજ કરોડો રૂ.નો ભ્રષ્ટાચાર થયાની બૂ આવી રહી છે. છેલ્લા બે માસથી પુલ ઉપરનો માર્ગ સંપૂર્ણ તુટી જવા પામ્યો છે. ઠેર ઠેર મોટા ગાબડા તેમજ હાડપિંજરની જેમ સળીયા બહાર નીકળી આવતા નજીકના હમીદપુરા ગામના સરપંચ તથા આગેવાનોએ તંત્રને વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઉપાય ન થતાં આજે ઉમરેઠ પોલીસને સાથે રાખી માર્ગ બંધ કરી ડાયવર્ઝન આપ્યું હતું.

આ બનાવ અંગે હમીદપુરા ગામના સરપંચે જણાવ્યુ હતું કે એસિડ ભરેલા વાહનો તેમજ એલ.પી.જી. તેમજ જલદ કેમીકલ ભરેલી ટેંકરો આ પુલ ઉપરથી દરરોજ પસાર થાય છે. પુલની નીચેથી રેલવેની પચ્ચીસ હજાર કીલો વોટની વીજ લાઈન પસાર થાય છે. પુલ ઉપરનો માર્ગ સંપૂર્ણ તુટી ગયો છે તેમજ આર.સી.સી.ના સળીયા બહાર નીકળી આવ્યા છે આવી ગંભીર સ્થિતિ સર્જાઈ હોવા છતાં તંત્ર આખ આડા કાન કરી રહ્યું છે. કલેક્ટરને લેખિત જાણ કરી છે. તેઓએ રેલવે વિભાગને નોટીસ આપ્યાનું જણાવી રહ્યા છે. પરંતુ આજે બીજા દિવસે પણ રેલવે વિભાગનો કોઈ અધિકારી ફરક્યા નથી. મતો માંગવા આવતા નેતાઓ પણ ગાયબ થઈ ગયા છે. પ્રજાની હાડમારી અને જાન-માલની રક્ષા માટે આખરે માર્ગ બંધ કરવાની ફરજ પડી છે.



મોડાસા શહેરની ડીપ્લોમાં ઈન લર્નીંગ એજ્યુકેશન કોલેજમાં પર્યાવરણની જાગૃતિ અને જીવસૃષ્ટિના જતન માટે વૃક્ષોનું નિકંજન અટકાવવામાં આવે તેવા આશયથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના કલેક્ટર બી.જે. ભટ્ટ અને અન્ય આમંત્રિત મહાનુભાવોમાં જીવદયાપ્રેમી નિલેષ જોષી, અંકિત પટેલ, ડૉ. મરીનાબેન, હેમલત્તાબેન બ્રહ્મભટ્ટ વગેરે સહિત કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકર ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવો દ્વારા કોલેજના પટાંગણમાં તાલીમાર્થીઓના સહયોગથી વૃક્ષોનું રોપણ કર્યું હતું. આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં જિલ્લાના સમાહર્તા બી.જે. ભટ્ટે તાલીમાર્થીઓને વૃક્ષો આપણા સાચા સાથીદાર છે તેવું જણાવી વૃક્ષોનું જતન કરવા અનુરોધ કર્યો હતો. આ સમારંભમાં મ.લા. ગાંધી મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહે મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. જીવદયાપ્રેમી નિલેશ જોષીએ વૃક્ષોનું જતન કેવી રીતે કરવું તે માટે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : જય અમીન, મોડાસા)

# ડીસાની વિશ્વકર્મા સોસાયટી ગંદકીમાં ગરકાવ થતાં રોગચાળાની દહેશત

ડીસા, તા.૬

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી વિશ્વકર્મા સોસાયટી ગંદકીમાં ગરકાવ બની જવા પામી છે. શહેરમાં ૧૨ ઈંચ વરસાદ પડતા આ વિસ્તારના ભંગાર બિસ્માર માર્ગો પર ઘુંટણ સમા પાણી ભરાઈ ગયા છે.

વિશ્વકર્મા સોસાયટીના તમામ માર્ગો બિસ્માર છે. અહીં ગટરો ઉભરાઈ રહી છે. સફાઈ થતી નથી. બારેમાસ ઉભરાતી ગટરો અને કચરાના ઢગલાની સમસ્યા માથાના દુખાવા રૂપ બની રહી છે ત્યારે શહેરમાં ભારે વરસાદને કારણે આ સોસાયટી ગંદકીમાં ગરકાવ બની ગઈ છે. નગરપાલિકાના સફાઈ કર્મીઓ સફાઈ માટે વેઠ વાળી રહ્યા છે.

વારંવાર રજુઆતો કરવા છતાં સફાઈ કર્મીઓ પર કોઈ અસર થતી નથી ત્યારે ત્યારે વિશ્વકર્મા સોસાસટી નર્કાગારમાં ફેરવાઈ ગઈ છે.જો અહીં સફાઈ નહીં થાય તો રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા અહીં તાત્કાલિક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે તેવી રહીશોની માંગણી છે.

# ૧૦૦ જેટલી અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર

ગાંધીનગર, તા.૬

અંદાજપત્ર રજુ કરીને પસાર કરી દેવાયાના દોઢ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં પણ વિભાગો દ્વારા હજુ ૧૦૦ જેટલી અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભામાં અંદાજપત્ર પસાર કરવામાં આવ્યા બાદ વિભાગોને ફાળવેલ બજેટનો ખર્ચ સમયસર થઈ શકે તે માટે ખર્ચ કરવાની વહીવટી મંજુરી તુરત જ આપવામાં આવે છે.

અંદાજપત્રીય બાબતોને મંજુરી આપવામાં આવી છે કે નહીં તે અંગે તાજેતરમાં જ એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં નાણા વિભાગના અગ્ર સચિવ (ખર્ચ) એવું જણાવ્યું હતું કે ૮૭૬ જેટલી અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવાના હુકમો કરવામાં આવ્યા છે પરંતુ હજુ આશરે ૧૦૦ જેટલી બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આટલી બધી બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર હોવા અંગે રાજય સરકારે ચિંતા વ્યકત કરીને એવી સૂચના આપી છે કે જે બાબતોને વહીવટી મંજૂરી આપવાની પડતર છે. અને તેમાંય ખાસ કરીને યોજનાને લગતી જે બાબતોને વહવટી મંજુરી આપવાની પડતર છે તેમાં વિભાગો વચ્ચેના સંકલનના કારણે પડતર હોઈ તો આ અંગે મુખ્ય સચિવ કક્ષાએ બેઠક યોજીને આ અંગેનો નિકાલ લાવવા અને સત્વરે વહીવટી મંજુરના હુકમો કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જયાં સુધી અંદાજપત્રીય બાબતોને ખર્ચ કરવા અંગેની વહીવટી મંજુરી આપવામાં ન આવે ત્યાં સુધી વિભાગ દ્વારા ગ્રાન્ટ વાપરી શકાતી નથી અને તેના પરીણામે ઘણીવાર એવું બને છે કે વહીવટી મંજુરી ન મળવાને કારણે સમયસર ગ્રાન્ટ વપરાતી નથી અને યોજનાકીય ખર્ચ ઓછો થાય છે. આથી આવી પરિસ્થિતિને નિવારવા માટે અંદાજપત્રીય બાબતોને વહીવટી મંજુરી આપવાની પડતર છે તેનો ઝડપી નિકાલ લાવવા વિભાગોને તાકીદ કરાઈ હોવાનું જાણવા મળે છે.

# કોંગ્રેસે પ્રદેશ જિલ્લા આગેવાનોને હવે પેટા ચૂંટણીની જવાબદારી સોંપી

ગાંધીનગર, તા.૬

પેટા ચૂંટણીઓ આડે હવે માત્ર પાંચ દિવસ જ પ્રચારના બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસે હવે નિંદ્રામાંથી જાગીને પંચાયત બેઠક દીઠ પ્રદેશ અને જિલ્લા આગેવનોને ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવાનું શરુ કર્યું છે.

ગુજરાતની એક બરોડા લોકસભા બેઠક અને નવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ યોજાનારી છે. આ પેટા ચૂંટણી માટે ભાજપે ચૂંટણી પ્રચાર વાયુવેગે શરુ કરી દીધો છે. એટલું જ નહીં પ્રદેશ અને જિલ્લાના આગેવાનોને ચૂંટણીની જવાબદારીઓ પણ સોંપી દીધી છે.

બીજી બાજુ ગુજરાત કોંગ્રેસ પેટા ચૂંટણીઓ જાહેર થઈ ગયા પછી પણ જાગી નહીં અને હવે જયારે ચૂંટણી પ્રચારના માત્ર પાંચ જ દિવસ બાકી રહ્યા છે ત્યારે પ્રદેશ નેતાગીરીએ પ્રદેશના આગેવાનો અને જિલ્લાના આગેવાનોને આજથી ચૂંટણીની જવાબદારી સોંપવાની કામગીરી શરુ કરી છે.

કોંગ્રેસ હંમેશા છેલ્લી ઘડીએ જ જાગે છે. ચૂંટણી પ્રચાર આડે હવે માત્ર પાંચ જ દિવસો બાકી રહ્યા છે ત્યારે હવે જવાબદારીઓ સોંપાતા પ્રદેશ અને જિલ્લાના આગેવાનો કયારે મત વિસ્તારોમાં જશે અને કેવો અને કેટલો ચૂંટણી પ્રચાર કરી શકશે?

## શબ્દાવલી - ૫૪૯૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | ■ | ■ | ૧૧ | | ■ | |
| ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ■ | ૧૫ | | | ■ |
| | ■ | ૧૬ | | | ■ | ■ | ૧૭ |
| | ■ | | ■ | ૧૯ | ૧૯ | ૨૦ | |
| ■ | ૨૧ | | | ■ | ૨૨ | | |

**આડી ચાવી**

૧. પ્રખ્યાત, વિખ્યાત (૪)
૪. આવનારા વર્ષોમાં અથવા હવે પછીના વર્ષોમાં (૩)
૭. ભીંડીની જાતનો એક છોડ કે તેના રેસા (૨)
૮. અક્કલ, જ્ઞાન, ડહાપણ(૩)
૯. આવક, વકરો (૨)
૧૧. ઘા, વ્રણ (૨)
૧૨. નાચવા-ગાવાનો ધંધો કરતી સ્ત્રી (૩)
૧૩. નુકશાન (૨)
૧૪. ... કરાવે વેઠ, ઉદર (૨)
૧૫. સ્હેજ, થોડુંક (૩)
૧૬. ખુશ (૩)
૧૮. ઉત્સવ, વાર... (૪)
૨૧. જરૂરિયાત (૩)
૨૨. ... મારવી, ઝુંટ મારવી(૩)

**ઊભી ચાવી**

૧. વિજ્ઞાપન, જાહેરાત (૩)
૨. નામ તેનો.... થાય જ (૨)
૩. ૨૦ કિલોનું માપ (૨)
૪. દારૂ, નશીલો પદાર્થ (૩)
૫. શહેરનો વિરોધી શબ્દ (૨)
૬. મહેફિલ, જમણવાર (૪)
૧૦. મફત, નકામો (૩)
૧૩. બોલાવવા પડાતી બૂમ, ... મારવી (૨)
૧૪. સંદેશો (૩)
૧૫. સ્વર્ગ (૩)
૧૬. ઉગ્ર, તેજ, તીક્ષ્ણ (૩)
૧૭. સારૂં હોવું તે, ... હોવી(૩)
૧૯. પ્રેમ, સ્નેહ (૨)
૨૦. ... ફરતી વારો આપે નાના મોટા સૌનો (૨)

## શબ્દાવલી ૫૪૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) દુષ્કાળ (૨) ભોર (૫) માલેતુજાર (૬) નજાકત (૯) નરમ (૧૦) ડોલર (૧૨) કીકી (૧૪) ઉતરાયણ (૧૬) જાજમ (૧૭) રવા (૧૮) રીસેસ (૧૯) તણખા

**ઊભી ચાવી :-** (૧) દુલ્હન (૨) ભોલે (૩) રતુમડો (૪) ઝરમર (૫) માતમ (૭) જાનકી (૮) કર (૧૧) લક્ષ્મણરેખા (૧૪) ઉજાશ (૧૫) તજ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પોશીના નવયુવક મંડળ દ્વારા યોજાયેલ ગણપતિ મહોત્સવનું શુક્રવારે સમાપન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગણેશજીની ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ શ્રદ્ધાપૂર્વક પોશીનાની સેઈ નદીમાં મૂર્તિનું વિસર્જન કર્યું હતું.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સ્વયં શિક્ષક દિન ઉજવાયો

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.યુનિટ ધ્વારા તા.૫/૯/૨૦૧૪ ના રોજ સ્વયં શિક્ષક દિન ઉજવણી કરવામાં આવી હતી.૨૬ વિદ્યાર્થીઓએ અધ્યાપક તરીકે ફરજ બજાવી હતી. ફેજલકુમારીએ પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી હતી. આ પ્રસંગે યોજાયેલ સન્માન કાર્યક્રમમાં કચરાભાઈ પ્રજાપતી મુખ્ય વ્યક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અને યુવાનોને સાંકળી પ્રભાવશાળી પ્રવચન આપ્યુંહતું. સંસ્થાના મંત્રી જગદીશભાઈ જોષી, પ્રિન્સિપાલ ર્ડા.કલ્પનાબેન પટેલએ પ્રસંગોચિત પ્રવચન આપ્યુંહતું. કોલેજના અધ્યાપકા, નવા બનેલ અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું. એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ર્ડા. મહેશ પી. વર્માએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન બી.એ. સેમ-૧ના વિદ્યાર્થી હિમાશું પરમારે કર્યુંહતું.

## કંપની સમાચાર

# ડૉ. બાત્રાઝ દ્વારા ૧૫૦ ક્લિનિક્સમાં ૧૦ લાખ દર્દીઓની સારવાર થઈ

વિશ્વની સૌથી મોટી હોમિયોપેથિક હેલ્થકેર કોર્પોરેટ ડૉ. બાત્રાઝ દ્વારા મુંબઈમાં તેનું ૧૫૦ મું ક્લિનિક શરૂ કરવામાં આવ્યું છે અને ૧૦ લાખ દર્દીઓની સારવારની ઉજવણી પણ કરવામાં આવી છે.

ડૉ. બાત્રાઝનું નામ હોમિયોપેથીનો પર્યાય બની ચૂક્યું છે. પદ્મશ્રી ડૉ. મુકેશબાત્રા દ્વારા ઈ.સ. ૧૯૮૨ માં દર્દીઓની સારવાર માટે ડૉ. બાત્રાઝ પોઝિટીવ હેલ્થ ક્લિનિક પ્રા.લિ.ની સ્થાપના કરવામાં આવી હતી. ડૉ. બાત્રાઝ દ્વારા ૧૦ લાખ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આજે ડૉ. બાત્રાઝનાં ૧૫૦ જેટલા સુપર સ્પેશ્યાલિટી ક્લિનિક્સ ભારત, દુબઈ અને યુકેમાં પથરાયેલા છે.

ડબ્લ્યુએચઓના અહેવાલ અનુસાર હોમિયોપેથીને વિશ્વમાં બીજા નંબરની સારવારની સૌથી મોટી પદ્ધતિ છે અને વિશ્વભરમાં ૫૦૦ મિલિયન લોકો દ્વારા તેનો વપરાશ થાય છે. વૈશ્વિક હોમિયોપેથી બજાર વર્ષ ૨૦૧૭ સુધીમાં રૂ. ૫૨,૦૦૦ કરોડનું થઈ જાય તેવી ધારણા છે.

# શ્રી નાધરી મુલોજ પ્રા. શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

રાજ્ય સરકારના કાર્યક્રમ અંતર્ગત 'જ્ઞાનસપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે તા. ૩-૯-૨૦૧૪ના રોજ શ્રી નાધરી (મુલોજ) પ્રા. શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કુલ ૩૦ બાળકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ ગીતાબેન ખાંટ અને કિરણભાઈ ડામોર દ્વારા કરવામાં આવ્યું. શાળાના એસ.એચ.સી. સભ્ય બી.એસ. ડામોર, રમણસિંહ ખાંટ, વનરાજસિંહ ખાંટ તથા શાળાના આચાર્ય મોહનસિંહ પરમારે બાળકોની આ સુંદર કામગીરીને બિરદાવી હતી.



## વડાગામમાં પદયાત્રીઓ માટે સેવાકેન્દ્રનો પ્રારંભ

ભાદરવી પૂનમ આડે માત્ર ગણતરીના દિવસો બાકી છે. વડાગામમાં પદયાત્રીઓની સેવા માટે વિસામાનું આયોજન કરાયું છે. આ વિસામો જય અંબે ટ્રસ્ટ દ્વારા અમદાવાદથી ધનસુરા જતા સ્ટેટ હાઈવે પર યોજવામાં આવ્યો છે. આ સેવા કેન્દ્રમાં પરેશ વિજયભાઈ, બાબુભાઈ શનાભાઈ, ધર્મેન્દ્ર ગોર, પ્રહલાદસિંહ, બળદેવભાઈ, મહેશભાઈ રાવળ સહિત ગ્રામજનોએ ચા-નાસ્તાની સેવાઓ આપી હતી. આ ઉપરાંત આ વિસામામાં પદયાત્રીઓ માટે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ટચૂકડી જાહેર ખબર**

**બંગલો ભાડે આપવા**
સેક્ટર-૭ડીમાં ૧૩૫ ચો.મી. પ્લોટમાં પ્રાઈમ લોકેશન પર સ્વતંત્ર, ફરનીશ બંગલો ભાડે આપવાનો છે.
સંપર્ક કરો
મો. ૯૮૭૯૧ ૭૦૨૭૪

**વેચવાનો છે**
૨ મ્ઉૅદ્ધ ફલેટ વેચવાનો છે.
બાલાજી અગોરા રેસીડેન્સી
અગોરા મોલની પાછળ, સુઘડ,
ગાંધીનગર.
મો. નં. ૯૮૨૪૪ ૩૦૫૦૬

**પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર**

## જાહેર ખબર

પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગરની કચેરી તથા જીલ્લાના પો.સ્ટે. / કચેરીઓમાં જરૂરી એવી આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણી સહિતની કામગીરીની 'કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અલગ કવરમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ તા. ૧૦/૯/૨૦૧૪ સુધી સવારના ૧૧-૦૦થી કલાક ૧૩-૦૦ દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગરનાઓની કચેરીની વહીવટી શાખામાંથી અરજી સાથે પોલીસ અધિક્ષકશ્રી ગાંધીનગરનાઓના નામનો રૂ. ૧૦૦૦/-નો નોન રીફંડેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરી ટેન્ડર રૂબરૂ મેળવી શકાશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ તા. ૧૨/૯/૧૪ના રોજ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધીમાં મળે તે રીતે મોકલી આપવા. આ ટેન્ડર તા. ૧૫/૯/૧૪ના રોજ કલાક ૧૨-૩૦ વાગે અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૬/૯/૨૦૧૪

સહી/-
(શરદ સિંઘલ)
પોલીસ અધિક્ષક,
ગાંધીનગર

માહિતી/૧૧૪૯/૧૪-૧૫